સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# મહિમા વર્ષ

૨૦૨૧-૨૨

ઉપક્રમે

## સપ્ટેમ્બર

# દાસત્વભાવ માસ

## Family Time સભા - 2

## કાર્યક્રમ મટીરીયલ

## ❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

**નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.**

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- "ઘર એક મંદિર" હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ 'દયાળુ રાજી રહેજો' એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

: વર્ષ :
૨૦૨૨

: માસ :
સપ્ટેમ્બર

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

# મહિમા વર્ષ

ઉપક્રમે

## દાસત્વભાવ માસ

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

મંદિરમાં કે ઘરમાં નીચી ટેલની સેવા કરવી.
(ચરણરજ, પોતું કરવું, બાથરૂમ સાફ કરવા વગેરે)

સૌની આગળ હાથ જોડી, ભલે દયાળુ કહીને સરળ સ્વભાવે વર્તવું.

## ❖ દાસભાવ એટલે શું ?

'ભગવાનને આધીન રહી એમની આજ્ઞા ને રુચિમાં રહીને રાંકભાવે વર્તીએ એ જ દાસભાવ.'

નાનામાં નાના હરિભક્તની આગળ પોતાના અસ્તિત્વનો પ્રલય કરી વર્તવું તેને કહેવાય દાસભાવ.

દાસભાવ એટલે સર્વેને અધિક માનવા જ્યારે પોતાને ન્યૂન માનવા.

## ❖ મહારાજ અને મોટાના અભિપ્રાય :

- "જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું."

  - ગઢડા મધ્યનું ૨૮મું વચનામૃત

- "જેને દાસભાવે કરીને ભક્તિનું અંગ છે તેને પણ પોતાના જે ઈષ્ટદેવ છે, તેનું જ દર્શન ગમે, અને તેની જ વાર્તા સાંભળવી ગમે, ને પોતાના ઈષ્ટદેવનો જ સ્વભાવ ગમે, અને તેની જ પાસે રહેવું ગમે, એવો પ્રીતિવાન હોય તોપણ પોતાના ઈષ્ટદેવની સેવા સારું ને રાજીપા સારું રાત-દિવસ એમ ઇચ્છ્યા કરે જે મુને મારા ઇષ્ટદેવ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશે હર્ષે કરીને કરું પછી પોતાના ઇષ્ટદેવ છે, તે આજ્ઞા કરે તો છેટે જાઈને રહે તો પણ રાજી થકો જ રહે પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહિ, અને આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને એ દાસત્વભક્તિની ઉત્તમ દશા છે. એવા દાસત્વભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે અને બીજા મુક્તાનંદ સ્વામી છે."

  - ગઢડા મધ્યનું ૬૨મું વચનામૃત

## ❖ તા. 7 સપ્ટેમ્બર 2022ની સંકલ્પ સભાનું લેશન

1) આ મહિના દરમ્યાન ઘરના તમામ સભ્યોએ દરરોજ સાંજે 15 મિનિટ સાથે બેસવું અને 'દાસ થાવું રે, સૌના દાસ થાવું' કીર્તનનું સમૂહગાન કરવું, મનન કરવું.

2) દરરોજ 15 મિનિટ સાથે બેસો તે દરમ્યાન એક-બે વ્યક્તિના ગુણ ગાવા.

3) કોઈને ટુંકારાથી ન બોલાવો, માનથી બોલાવો. વાણીમાં વિવેક અને મર્યાદા રાખો.

4) દાસત્વ ભક્તિ માટે ઘરમાં ઠાકોરજીના થાળના વાસણ ઉટકવાની, મહારાજને જગાડવાની, જમાડવાની વિગેરે સેવા કરો.



## ❖ દાસત્વપણું દ્રઢ કરવાના ઉપાય

1) રાજીપા સામે દ્રષ્ટિ રાખવી.

2) સર્વેને અધિક સમજવા અને પોતાને ન્યૂન સમજવા.

3) સૌમાં શ્રીજીમહારાજના દર્શન કરવા.

4) જેટલું મૂર્તિમાં રહેવાય તેટલું દાસત્વપણું આપમેળે વધતું જાય.

5) ગુણ ગાવાથી દાસત્વપણું વધતું જાય.



# દાસ થાવું રે, સૌના દાસ થાવું...

**(રાગ : ગિરધારી રે સખી, ગિરધારી...)**

દાસ થાવું રે, સૌના દાસ થાવું;
શ્રીજીને રીઝવવા કાજે(૨), દાસના દાસ થાવું...૦ટેક
મહિમા સમજવાથી, સૌના દાસ તો થવાય;
મહારાજના સૌ મુક્તો સમજ્યે(૨), ગુણ તો ગવાય...૦૧
નાના થયા વિના કદી, મોટાઈ ન મળે;
સૌ મોટા હું ન્યૂન સમજે(૨), કામ તો સરે...૦૨
સેવા સૌની કરે રાખો, નીચી ટેલ તણી;
મળે જ ક્યાંથી સેવા મુને(૨), કૃપા થઈ ઘણી...૦૩
નિર્માની થઈ રાજી કરવા, સત્સંગમાં આવ્યો છું;
તપાસવું કે બે ગુણ મળતા(૨), 'હું'કારમાં ફરું છું...૦૪
રાજીપાની ભૂખ જગાવો, સહન સૌનું થાશે;
દાસાનુદાસ થઈ સત્સંગમાં(૨), સુખ બહુ પમાશે...૦૫
મનનું ગમતું મૂકી, સાવ સરળ બનો;
પાણીમાં ધ્રો નમી જાય(૨), તેમ સૌને ગમો...૦૬
અભાવ, અવગુણ, અમહિમાથી, દાસત્વ તો જાય;
ગુણ સૌના લેતાં લેતાં(૨), હર્યાભર્યા થવાય...૦૭
દુભાય કોઈ વાણી-વર્તને, એ તો અભિમાન;
ગર્વગંજન સીધા કરે(૨), શ્રીહરિ ભગવાન...૦૮
નાના મોટા સૌની આગળ, હારી રાજી થાશું;
જીતીને જો ફૂલ્યો ફરે તો(૨), નક્કી લૂંટાઈ જાશું...૦૯
રસબસભાવે મૂર્તિમાં રહેવું, દાસપણું તે કહાવે;
મૂર્તિમાં નિમગ્ન છતાં તે(૨), સૌનો સેવક રહાવે...૧૦


**વિડીઓ કીર્તનનું શ્રવણ કરવા માટે**
**બાજુમાં આપેલ Button પર ક્લિક કરો..**

**વ્હાલા ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીએ આજ્ઞા કરી છે કે દાસત્વભાવ માસમાં તમામ પરિવારના તમામ સભ્યોએ ભેગા મળીને દરરોજ આ કીર્તનનું ગાન કરવું અને ઓછામાં ઓછા 2 હરિભક્તોના ગુણાનુવાદ કરવા.**

ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી દિવ્યવાણી

# દાસત્વપણું પામ્યાનો ઉપાય

## અન્યના ગુણોને ગાવા



દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર
આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.






# હું તો બધાય સંતોનો સેવક છું.


એક વખત બપોરના સમયે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સાથે પૂ.સંતો ઠાકોરજી જમાડતા હતા. ઠાકોરજી જમાડ્યા બાદ પૂ.સંતો પત્તર ઘસવા માટે આવ્યા. પૂ.સંતો પત્તર ઘસતા હતા ત્યાં તો વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સંતો જમાડવા બેઠા હતા ત્યાં ઘૂંટણિયા થઈ પોતું કરવા લાગ્યા. પૂ. સંતોએ પત્તર ઘસતાં ઘસતાં વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને પોતું કરતા જોયા.

તરત જ બે સંતો દોડીને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના હસ્તમાંથી પોતું લેવા લાગ્યા ને પૂ.સંતોએ કહ્યું, "દયાળુ, આ સેવા આપને ન કરવાની હોય."

ત્યાં જ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી બોલી ઊઠ્યા, "કેમ આ સેવા મારે નહિ કરવાની ?? તમે બધા અમારી સેવા કરો તો અમારે તમારી સેવા ના કરાય ? મને પણ આ સેવાનો અધિકાર છે, હું કાંઈ મોટો નથી. હું તો બધાય સંતોનો સેવક છું. અને સેવકનો ધર્મ છે નીચી ટેલની સેવા કરવાનો. માટે મને આ સેવા કરવા દો."

આહાહા !!! નીચી ટેલની સેવા કરવાનો આગ્રહ એ દિવ્યપુરુષના જીવનમાં કેવો સતત દર્શન થયા કરે છે !

# જ્ઞાનસત્ર : ૧૬



- **તારીખ :** તા. ૨૮ ઓક્ટોબરથી ૧ નવેમ્બર ૨૦૨૨, શુક્રવારથી મંગળવાર
- **તિથિ :** કારતક સુદ ત્રીજથી કારતક સુદ સાતમ
- **દિવ્યવાણી :** વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી
- **સમય :** સવારે ૮થી ૧ ● સાંજે ૫થી ૮

● શુભ સ્થળ ●

SMVS સ્વામિનારાયણ ધામ,

કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર, ૩૮૨૦૦૭.

(૧) જ્ઞાનસત્રના લાભાર્થી માટે અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. રજિસ્ટ્રેશન સિવાયના સભ્યોને જ્ઞાનસત્રમાં પ્રવેશ મળશે નહીં.

(૨) રજિસ્ટ્રેશન ફોર્મ આપના પરિવાર દીઠ ભરી શકશો. રજિસ્ટ્રેશન ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૦/૦૯/૨૦૨૨ છે. માટે સમયસર પોતાના સેન્ટરમાં ફોર્મ ભરી જમા કરાવવા વિનંતી.

# મૂર્તિમાં રસબસ બનવાને, વાંચો બાપાશ્રીની વાતો

'આ વર્ષે ચાતુર્માસ દરમિયાન ગુરુજીએ નિયમની એકાદશીના દિવસે સંકલ્પ સભામાં **'બાપાશ્રીની વાતો'**ના બે ભાગ અથવા એક ભાગ પુસ્તકની એકાગ્રતાથી તેમજ મનન સાથે પારાયણ કરવાની આજ્ઞા કરી છે. જેથી તે મુજબ અમલ કરવો અને બુક આપની જોડે ન હોય તો બુકસ્ટોલમાંથી 'બાપાશ્રીની વાતો' પુસ્તક વસાવવું.

